# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 5-11-2024 Midday : 1.20 to 1.30
Day : Tuesday National News

## આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

****************************************************

1) સર્વોચ્ચ અદાલતે એક બહુમતી ચૂકાદામાં જણાવ્યું છે કે, તમામ ખાનગી મિલકતો જાહેર સંસાધન નથી
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પ્રથમ એશિયન બૌદ્ધ શિખર સંમેલનને સંબોધતા જણાવ્યું કે ભારત ધમ્મની ધન્ય ભૂમિ છે.
3) ચાર દિવસની છઠ પુજાનો આજથી નહાય-ખાયની વિધી સાથે પ્રારંભ
4) દિલ્હી – એનસીઆરમાં હવાની ગુણવત્તા સતત કથળીઃ કેટલાંક વિસ્તારોમાં AQI 400ના આંકને પાર
5) અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી માટે આજે મતદાન, કમલા હેરિસ અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે સીધો જંગ
6) આજે ચેન્નાઈ ગ્રાન્ડ માસ્ટર્સ ટુર્નામેન્ટની બીજી આવૃત્તિનો પ્રારંભ

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## SC- PVT. PROPERTY

સર્વોચ્ચ અદાલતે આજે એક ચૂકાદામાં જણાવ્યું છે કે, તમામ ખાનગી મિલકતો જાહેર સંસાધન નથી, જેને બંધારણની કલમ 39(b) હેઠળ રાજ્યો પુનઃ

વિતરીત કરી શકે. જો કે અદાલતે નોંધ્યું હતું કે, કેટલીક ખાનગી સંપત્તિઓ મહત્વની હોય અને સમુદાયની સેવા માટે હોય તો તેને જાહેર સંસાધન તરીકે ગણી શકાય.

મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચૂડના વડપણ હેઠળની નવ સભ્યોની પીઠે 8-1ની બહુમતીથી ચૂકાદો આપ્યો હતો. ચૂકાદામાં અગાઉનાં એ વ્યાપક અર્થઘટનને રદ કરવામાં આવ્યું હતું, જેમાં ખાનગી સંસાધનોને સામુદાયિક સંપત્તિ ગણવામાં આવતી હતી. ચૂકાદામાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું કે, આ અંગે અદાલતનાં અગાઉનાં નિવેદનો બંધનકર્તા નથી.

# PREZ - ASIANBUDDHIST SUMMIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે ભારત ધમ્મની ધન્ય ભૂમિ છે, અહીં દરેક યુગમાં મહાન ગુરુઓ અને રહસ્યવાદી રહ્યા છે. નવી દિલ્હીમાં આયોજીત પ્રથમ એશિયન બૌદ્ધ શિખર સંમેલનને સંબોધતા રાષ્ટ્રપતિએ જણાવ્યું કે બુદ્ધ આ માર્ગને શોધનારાઓમાં વિશેષ સ્થાન ધરાવે છે.  તેમણે કહ્યું કે બોધ ગયામાં બોધી વૃક્ષ નીચે સિદ્ધાર્થ ગૌતમને જ્ઞાનની પ્રાપ્તિ થઈ એ ઐતિહાસિક રીતે અજોડ ઘટના છે. તેમણે ઉમેર્યું કે આજે જ્યારે વિશ્વ અનેક મોરચે અસ્તિત્વ સંકટનો સામનો કરી રહ્યું છે, ત્યારે બૌદ્ધ સમુદાય પાસે માનવજાતને આપવા માટે ઘણું બધું છે.

શ્રી મુર્મુએ એશિયાને મજબૂત કરવામાં બૌદ્ધ ધર્મની ભૂમિકા અને તે કેવી રીતે વિશ્વમાં શાંતિ સ્થાપી શકે છે - એ અગે વ્યાપક ચર્ચા કરવા પર ભાર મૂક્યો. તેમણે ઉમેર્યું કે બૈદ્ધ ધર્મનો મુખ્ય સંદેશ શાંતિ અને અહિંસા પર કેન્દ્રીત છે, જે દર્શાવે છે કે વિશ્વને આજે કરૂણાની સૌથી વધારે જરૂર છે.

સાંસ્કૃતિક મંત્રાલય અને આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘના સંયુક્ત ઉપક્રમે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે આયોજીત બે દિવસીય બૌદ્ધ શિખર સંમેલનમાં બૌદ્ધ ધર્મના વિશેષ પ્રતિનિધિઓ, વિદ્વાનો તેમજ અનુયાયીઓ તેમાં ભાગ લઈ રહ્યા છે. ‘એશિયાને  સક્ષમ બનાવવા બૌદ્ધ ધમ્મની ભૂમિકા’ વિષય વસ્તુને કેન્દ્રમાં રાખતા આ

સંમેલન બૌદ્ધ ધર્મના સમૃદ્ધ વારસાને રેખાંકિત કરશે. સંમેલન દરમિયાન બૌદ્ધ સમુદાય સામે આવી રહેલા પડકારોના ઉકેલો વિશે ચર્ચા થશે.

## REV JAISHANKAR –AUSTRALIA

વિદેશમંત્રી ડૉ. એસ.જયશંકરે કેનેડામાં હિન્દુ મંદિર પર થયેલા હુમલાને ચિંતાજનક ગણાવ્યો છે. ઑસ્ટ્રેલિયાના કેનબેરા ખાતે તેમના સમકક્ષ પેની વૉંગ સાથેની સંયુક્ત સુરક્ષા પરિષદમા ડૉ. જયશકંરે કેનેડામાં ઉગ્રવાદીઓને રાજકીય સમર્થન આપવા અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે ઉમેર્યું કે કેનેડાએ સ્પષ્ટીકરણ આપ્યા વિના આરોપો કરવાનું ચાલુ રાખ્યું છે. કેનેડા સરકાર દ્વારા ભારતીય રાજદ્વારીઓને નિરીક્ષણ હેઠળ રાખવાના નિર્ણયને અસ્વીકાર્ય ગણાવ્યો.

ઑસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વૉંગે હિન્દુ સમુદાય પરના હુમલાઓને ભારતીય સમુદાય માટે જોખમી ગણાવ્યા. તેમણે કહ્યું કે ઓસ્ટ્રેલિયન નાગરિકો તેમની આસ્થા અને સંસ્કૃતિને ધ્યાનમાં લીધા વિના સલામત રહેવાના હકદાર છે. વિદેશ મંત્રી ડૉ. એસ.જયશંકરે ઑસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી સાથે કેનબેરા ખાતે આયોજીત 15માં ભારત ઑસ્ટ્રેલિયા વિદેશમંત્રીઓના ફ્રેમવર્ક સંવાદમાં ભાગ લીધો હતો. બંને દેશોના નેતાઓએ ભારત પેસેફિક, પશ્ચિમ એશિયા, યુક્રેન સહિત વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે લખ્યું છે કે, ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની રાજદ્વારી ભાગીદારી મજબૂત રીતે આગળ વધી રહી છે. તેમણે લખ્યું છે કે આ મજબૂત રાજકીય સંબંધો,મજબૂત સુરક્ષા સહકાર, વિસ્તૃત વેપાર, વ્યાપક ગતિશિલતા અને ઊંડા શૈક્ષણિક જોડાણોમાં પ્રતિબિંબિત થાય છે.

## CHHATHPUJA

ચાર દિવસની છઠ પુજાનો આજથી નહાય-ખાયની વિધી સાથે પ્રારંભ થયો છે. ભગવાન સૂર્યની ઉપાસનાનો આ તહેવાર 8 નવેમ્બરે પૂર્ણ થશે. આવતીકાલે મોડી સાંજે ખરના વિધી કરવામાં આવશે. ત્યારબાદ 36 કલાકનાં નિર્જળા ઉપવાસ શરૂ થશે.

સાત નવેમ્બરે સાંજે ડૂબતા સૂર્ય અને શુક્રવારે સવારે ઉગતા સૂર્યને અર્ધ્ય અર્પણ કર્યા બાદ મહાપર્વનું સમાપન થશે.

સામાન્ય રીતે પવિત્ર નદીઓ પર સૂર્ય દેવને અર્ધ્ય અર્પણ કરવામાં આવે છે. વિવિધ સૂર્ય મંદિરો અને છઠ ઘાટો પર પણ અર્ધ્ય આપવામાં આવે છે. બિહારમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઔરંગાબાદના દેવ, પટણાના ઓલાર્ક અને નાલંદા જિલ્લાના ઓંગારી ધામ સૂર્ય મંદિરે પહોંચ્યા છે. મુખ્યમંત્રી નીતીશ કુમારે છઠ પુજાના પ્રસંગે લોકોને શુભકામના પાઠવી છે.

નેપાળમાં પણ છઠના તહેવાર માટે તેરાઈ અને કાઠમંડુ ખીણમાં તળાવો અને નદીના કાંઠાને શણગારવામાં આવી રહ્યા છે. કાઠમંડુ ખીણમાં, બાગમતી નદી પર કમલપોખરી અને ગૌરી ઘાટ છઠ પૂજા કરવા માટે પસંદગીના સ્થળો છે. નેપાળમાં રક્સૌલ બોર્ડર પોઈન્ટ દ્વારા છઠ પૂજા માટે લગભગ 1.7 લાખ કિલોગ્રામ અને જનકપુરના ભીટ્ટા મોડ પોઈન્ટ દ્વારા આશરે 4 હજાર કિલોગ્રામ કેળાની આયાત કરવામાં આવી હતી.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

# DELHI POLLUTION

દિલ્હી – એનસીઆરીમાં હવાની ગુણવત્તા સતત કથળી રહી છે. કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડના તાજેતરના અંકડાઓ અનુસાર આજે સવારે દિલ્હીમાં હવા ગુણવતત્તા સૂચકાંક – AQI 385 નોંધાયો હતો. દિલ્હીના કેટલાક ભાગોમાં AQI 400ના આંકને

વટાવીને ગંભીર સ્તરે પહોંચ્યો હતો. જેમાં આનંદ વિહારમાં AQI 457, અશોક વિહારમાં 419, બવાનાનો AQI 414 તેમજ રોહિણીમાં 405 AQI સાથે પ્રદૂષણનો રેકોર્ડ તૂટ્યો છે.

દરમિયાન હવામાન વિભાગે આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન દિલ્હી અને એનસીઆરમાં રાત્રે અને સવારના સમયે ધુમ્મસછાયું વાતાવરણ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.

## US PRESIDENT ELECTION

અમેરિકામાં નવા રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી માટે આજે મતદાન થવા જઈ રહ્યું છે. રિપબ્લિકન પક્ષના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટિક પક્ષના કમલા હેરીસ વચ્ચે સીધો જંગ છે. ભારતીય સમય અનુસાર સાંજે સાડા પાંચથી સાડા સાત વાગ્યા વચ્ચે મતદાન શરૂ થશે, જે ભારતીય સમય અનુસાર વહેલી સવારે સાડા પાંચથી સાડા નવ વાગ્યા વચ્ચે પૂર્ણ થશે. લાખો મતદારો પહેલા જ પોસ્ટ બેલેટ દ્વારા પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ચૂક્યા છે.

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીની વિશેષ પ્રક્રિયા છે, જેને ઇલેક્ટ્રોરલ કૉલેજ કહેવામાં આવે છે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે 538 ઇલેક્ટ્રોરલ કૉલેજમાં 270 કે તેથી વધુ મત જરૂરી છે. મતનીગણતરી છ જાન્યુઆરીએ સંસદના સંયુક્ત  સત્રમાં થશે. જે ઉમેદવારના મતોની સંખ્યા 270 સુધી પહોચી જશે, તેમને ચૂંટાયેલા જાહેર કરવામાં આવશે. અમેરિકાના નવા રાષ્ટ્ર પ્રમુખનો ચાર વર્ષનો કાર્યકાળ 20 જાન્યુઆરીથી શરૂ થશે.

## US VICE PRESIDE

તમિલનાડુમાં અમેરિકી ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસના વતન થુલસેનડ્રાપુરમમાં આજે તેમની જીત માટે વિશેષ પૂજા-પ્રાર્થના કરવામાં આવી. તેમની જીત માટે ગામના મંદિરોમાં ધાર્મિક વિધિઓનું આયોજન કરાયું અને  ઠેર-ઠેર

પોસ્ટર લગાવવામાં આવ્યા છે.  ભૂતપૂર્વ કાઉન્સિલર અરુલમોઝી સુધાકરે કહ્યું કે, જો હેરિસ જીતશે તો તિરુવરુર જિલ્લાના પૈગાનાડુમાં અન્નદાનમનું આયોજન કરાશે અને ગરીબોને મફત ભોજન આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, કમલા હેરિસ 2021થી અમેરિકાના 49માં અને વર્તમાન ઉપરાષ્ટ્રપતિ છે. તેઓ અમેરિકાના પ્રથમ મહિલા ઉપરાષ્ટ્રપતિ છે.

## CHENNAI CHESS

ચેસમાં ચેન્નઈ ગ્રાન્ડમાસ્ટર્સ ટુર્નામેન્ટની બીજી આવૃત્તિનો આજે અન્ના સેનેટરી લાઇબ્રેરીમાં પ્રારંભ થઈ રહ્યો છે. આ ટુર્નામેન્ટનમાં પારંપરિક રીતે ચેસ રમાશે. સ્પર્ધામાં સાત રાઉન્ડ થશે. વિદિત ગુજરાતી, આર. વૈશાલી અને હરિકા દ્રૌણાવલ્લી સાથે વર્લ્ડ નંબર ૩ ગ્રાન્ડમાસ્ટર અર્જૂન એરિગૈસી ટુર્માંમેન્ટમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે.

આ વર્ષે ટુર્નામેન્ટમાં નવી ચેલેન્જર્સ શ્રેણી શરૂ કરવામાં આવી છે, જેમાં વિજેતા આગામી વર્ષે રમાનારી માસ્ટર્સ ટુર્નામેન્ટ માટે ક્વૉલિફાઇ કરશે. ગતવર્ષે ડી. ગુકેશ અને અર્જૂન એરિગૈસી વચ્ચે ટોચના સ્થાન માટે મુકાબલો થયો હતો, જોકે સારા ટાઇબ્રેક રેકોર્ડને કારણે ગુકેશે આ સ્પર્ધા જીતી લીધી હતી અને બાદમાં તેમણે ચેમ્પિયનશીપનો ખિતાબ પણ જીત્યો હતો.

## JHARKHAND CAMPAIGN

ઝારખંડ વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ બન્યું છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે રાંચી અને લોહરદગામાં ચૂંટણી સભાઓને સંબોધિત કરશે, જ્યારે ઉત્તરપ્રદેશનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ જમશેદપુર અને કોડરમામાં NDAનાં  ઉમેદવારો માટે પ્રચાર કરશે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે માંડુ અને કાંકેમાં રેલીઓમાં ઇન્ડિયા ગઠબંધનનાં ઉમેદવારો માટે મત માંગશે.

# FTII OSCAR

ભારતીય ફિલ્મ અને ટેલિવિઝન સંસ્થાન – FTII ના વિદ્યાર્થીએ તૈયાર કરેલી ‘સનફ્લાવર્સ વેર દી ફર્સ્ટ વન્સ ટૂ નો’ ફિલ્મે પ્રતિષ્ઠિત ઓસ્કાર પુરસ્કારોની લાઇવ એક્શન લઘુ ફિલ્મ શ્રેણી માટે ક્વોલિફાઇ થઈ છે.

ભારતીય લોક કથા અને પંરપરાઓથી પ્રેરિત કન્નડ ભાષાની આ લઘુ ફિલ્મનું નિર્દેશન ચિદાનંદ એસ. નાઇકે કર્યું છે. ફિલ્મે આ વર્ષે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ પુરસ્કાર જીત્યો હતો. પસંદગી સમિતિએ તેના સ્ક્રિન પ્લે અને નિર્દેશનના વખાણ કર્યા હતા. ફિલ્મનું છાયાંકન સુરજ ઠાકુર, એડિટિંગ મનોજ વી. અને સંગીત ડિઝાઇન અભિષેક કદમનું છે, જેણે ફિલ્મની સફળતામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

# INDIAN RAILWAY

તહેવારોને પગલે રેલવે આજે રાજધાની દિલ્હીથી દેશના વિવિધ ભાગો માટે 22 વિશેષ ટ્રેનનું સંચાલન કરી રહ્યું છે. આ ટ્રેન સહરસા, જયનગર, પટણા, મુઝફ્ફરપુર, ગોરખપુર, દરભંગા, સિંકદરાબાદ અને માલદા ટાઉન માટે ચલાવવામાં આવી રહી છે.

રેલવે અનુસાર છઠ પૂજા દરમિયાન મુસાફરોની સુવિધા માટે આ મહિને 2 થી 8 નવેમ્બર વચ્ચે 145થી વધુ ટ્રેન ચલાવવામાં આવી રહી છે, જેનાથી પ્રતિ દિવસ બે લાખ વધારાના મુસાફરોને લાભ થઈ રહ્યો છે. રેલવેએ મુસાફરોની સંખ્યા જોતા ગત મહિનાની પહેલી તારીખથી આ મહિનાની 30 તારીખ સુધીમાં સાત હજારથી વધુ વિશેષ ટ્રેનની વ્યવસ્થા કરી હતી. દરમિયાન લગભગ એક કરોડ યાત્રીઓને તેનો લાભ થયો.